
તસવીર : સંજય રાવલ

## પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા વિજયને ફટાકડા ફોડી વધાવ્યો

પાંચ રાજ્યોના પરિણામ જાહેર થતાં ત્રણ રાજ્યોમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળતાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો દ્વારા જીતને લઈને વિજયોત્સવ મનાવ્યો હતો. જેમાં એકબીજાને મીઠાઈ ખવડાવી ઢોલનગારાં સાથે ફટાકડા ફોડી સૂત્રોચ્ચારો કર્યા. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે કોંગ્રેસ કાર્યકરો આગેવાનો દ્વારા પાંચ રાજયના પરિણામ જાહેર થતા રાજસ્થાન, મધ્યપ્રદેશ, છતીસગઢમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળતાં કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ભેગા થઈને આવ્યો રે આવ્યો પંજો આવ્યોના સુત્રોચ્ચારો કરી એકબીજાને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરી ખુશી વ્યક્ત કરી ઢોલનગારા સાથે ફટાકડા ફોડ્યા હતા. આ પ્રસંગે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ, યુવા કોંગ્રેસ પ્રાંતિજ શહેર પ્રમુખ તથા નગરપાલિકા સદસ્ય નિખીલભાઈ પટેલ, નગરપાલિકા વિરોધપક્ષ દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, રેખાબેન સોલંકી, નીરૂબેન પટેલ, મીનાબેન ચૌહાણ, સુરેશભાઈ ચૌહાણ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ઢોલનગારા સાથે ફટાકડા ફોડીને એક બીજાને મીઠાઈ ખવડાવીને મોઢું મીઠું કરીને ગરબાની રમઝટ બોલાવીને આનંદ વ્યક્ત કર્યો હતો.

# સ્વજનની નનામી માટે પણ રસ્તો ન મળતા રેલવેના ૫૦ ક્વાટર્સના રહીશો ત્રાહિમામ

### રસ્તાની માંગણી સાથે કલેકટર કચેરી આગળ ત્રણ દિવસના પ્રતિક ઉપવાસ આદર્યા

પાલનપુર રેલવે પચાસ કવાર્ટસ નજીક આવેલા અંબિકાનગર વિસ્તારમાં રહેતા લોકોને ઘર આંગણે જવા માટે રસ્તો જ નથી. જેથી કોઈ સ્વજનનું નિધન થાય ત્યારે નનામી નીકાળવામાં ખુબ મુસ્કેલીઓ પડી રહી છે. રસ્તા માટે છેલ્લા કેટલાક સમયથી તંત્ર સામે લડત ચલાવી રહ્યા છે. જોકે, તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં આખરે હારીથાકીને ઉપવાસનું શસ્ત્ર ઉગામ્યું છે. જેઓ જીલ્લા કલેકટર કચેરી આગળ ત્રણ દિવસના પ્રતિક ઉપવાસ શરૂ કર્યા છે.

પાલનપુર રેલવે પસાચ કવાર્ટસ નજીક આવેલા અંબિકાનગર વિસ્તારમાં રહેતા લોકોને ઘરના આંગણા સુધી જવાના રસ્તા માટે વર્ષોથી માંગણી કરી રહ્યા છે. રસ્તો ન હોવાથી સ્વજનનું મૃત્યુ થાય તો તેમની નનામી પણ બહાર કાઢી શકાતી નથી. લોખંડની એંગલો કુદાવીને નનામી લઈ જવી પડે છે. તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતાં આખરે આ રહિશોએ ઉપવાસનું શસ્ત્ર ઉગમ્યું છે. જેઓએ રસ્તાની માંગણી સાથે જીલ્લા કલેકટર કચેરી આગળ ત્રણ દિવસના પ્રતિક ઉપવાસ શરૂ કર્યા છે. આ આંદોલનને સમર્થન આપતા આમ આદમી પાર્ટીના ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી અને રમેશભાઈ નાભાણીએ જણાવ્યું હતું કે, આ સંવેદનશીલ પ્રશ્ને વહીવટીતંત્ર હકારાત્મક અભિગમ દાખવે તે જરૂરી છે.


તસવીર : હરેશ જોષી

આપ નેતા ભેમાભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસના ઉપવાસ પછી પણ પ્રશાસન પીડિતોની રજૂઆત નહી સાંભળે અને માનવતાના ધોરણે કોઈ નિકાલ નહી આવે તો સાત દિવસ બાદ દિલ્હીગેટ થી વિશાળ રેલી યોજી કલેકટર કચેરીનો ઘેરાવ કરવામાં આવશે.


તસવીર : કાંતિલાલ લોધા

## ડીસા લો કોલેજના વિદ્યાર્થીઓનું સેવાકીય કાર્ય....

ડીસા લૉ કોલેજ દ્વારા લૉ સ્ટુડન્ટસ હેલ્પ ગ્રૂપ થકી કાંટ ગામમાં જરૂરિયાતમંદ બાળકોને ગરમ સ્વેટર અને શૈક્ષણિક કીટ તેમજ મહિલાઓ-દીકરીઓને ફ્રુટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ જયંતીભાઈ ઠાકોર, ઠક્કર સમાજના અગ્રણી શારદાબેન તેમજ ચેતનાબેન, લૉ કોલેજનાં આચાર્યા ડો. રાજુલબેન દેસાઈ તથા કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સુંદર આવકાર સાંપડયો હતો.

# તલોદમાં બળિયાદેવ મંદિરે ૯મો પાટોત્સવ યોજાયો

તલોદ, તા. ૧૨

તલોદનગરની ઉત્પતી વખતથી મઠ વિસ્તારમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ તરીકે બળિયાદેવબાપા અને રેપડીમાતાજીની સ્થાપના કરવામાં આવી હતી. આજુબાજુ અને દૂરદૂરથી ધાર્મિક લોકો રવિવાર અને મંગળવારે બાધારાખડી અને દર્શનાર્થીઓના ટોળેટોળા ઉમટી પડે છે. મંગળવાર તા. ૧૧-૧૨-૧૮ને માગસર સુદ-૪ના રોજ ૯મો પાટોત્સવ ધામધૂમથી યોજવામાં આવ્યો હતો.

સતત નવ વર્ષથી બળિયાદેવ મંદિરે વિધિવત સ્થાપના કરી દર વર્ષે પાટોત્સવ યોજવામાં આવે છે. આ નિમિત્તે હોમાત્મક બબ્રરીક યજ્ઞ જેવા શુભકાર્ય શ્રીફળ હોમ, મહાઆરતી અને મહાપ્રસાદમાં અનેક દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. દુરદુરથી આવેલ ભજન મંડળીઓ દ્વારા ધામધૂમથી પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે. બળિયાદેવબાપાના મહંત બળવંતસિંહ રાઠોડ અને મંદિરમાં અનેક ભાવિભક્તો દ્વારા જહેમત ઉઠાવી મોટી સંખ્યામાં પધારેલા દર્શનાર્થીઓને દર્શનનો લાહવો આપી આજનો આ ધાર્મિક પાટોત્સવ યોજાયો હતો.

# વહીવટી સેવા વર્ગ-૩ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત જાહેરનામું

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ, માલપુર, મોડાસા, ભિલોડા અને માલપુર તાલુકા કેન્દ્રો પર આગામી તા.૧૬/૧૨/૨૦૧૮ના રોજ ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમ્યાન ગુજરાત વહીવટી સેવા વર્ગ-૩ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાનાર હોઈ, પરીક્ષા સમય દરમ્યાન તથા પરીક્ષા કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેકટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહીં. પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવું અથવા ભેગા થવું નહીં કે સુત્રો પોકારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં તથા પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન ચાલું રાખવા ઉપર મનાઈ ફરવામાં આવે છે.

આ હુકમ નીચેના અધિકારીઓને લાગુ પડશે નહી. જિલ્લા મેજીસ્ટ્રેટ અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મોડાસા અને બાયડ તથા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તમામ જિલ્લો અરવલ્લી, ફ્લાઈંગ સ્કવોડના અધિકારીઓ સદરહુ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેકટ્રોનિક ઉપકરણો મળી આવશે તે સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે. આદેશનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

# હિંમતનગર મેડીકલ કોલેજના ક્વાટર્સમાંથી મોબાઈલ ચોર પકડાયો

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરની મેડીકલ કોલેજના ક્વાટર્સમાંથી અંદાજે ચાર માસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૬૫ હજારની કિંમતના મોબાઈલની ચોરી કરી ભાગી ગયો હતો. જે અંગેની ફરીયાદ હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી હતી. દરમ્યાન આ કેસની તપાસ કરી રહેલ એસઓજીએ મંગળવારે મોબાઈલ ચોરનાર એક યુવકને વિસનગર તાલુકાના ચિત્રોડાપુરા ગામેથી ઝડપી લીધો હતો.

આ અંગે એસઓજીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરની મેડીકલ કોલેજના સ્ટાફ ક્વાર્ટર્સમાંથી ગત તા. ૨૬-૬-૨૦૧૮ના રોજ અજાણ્યો શખ્સ રૂ. ૬૪,૫૦૦ની કિંમતના મોબાઈલની ચોરી કરી ભાગી ગયો હતો. જે અંગેની ફરીયાદ હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ તેની તપાસ એસઓજી દ્વારા કરાઈ રહી હતી. જેમાં એસઓજીને મળેલી બાતમીને આધારે તથા મોબાઈલ ટેકનીકલ સર્વેલન્સની તપાસ દરમ્યાન આ શખ્સ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ચિત્રોડીપુરા ગામના સુહાગકુમાર શંકરભાઈ ચૌધરીનું નામ બહાર આવતા એસઓજીએ તેને મંગળવારે ચિત્રોડાપુરા ગામેથી ઝડપી લઈ મોબાઈલ કબજે લીધા બાદ વધુ તપાસ માટે તેને હિંમતનગર એ.ડીવીઝન પોલીસને હવાલે કરાયો હતો.

# ધનસુરાના ધામણીયાના ગ્રામજનોએ શાળાના રસ્તા માટે રામધૂન બોલાવી

ધનસુરા તાલુકાની ધામણીયા પ્રાથમિક શાળામાં અંદાજે ગામ સહીત આજુબાજુના ગામના અંદાજે ૨૪૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં જવા માટે કાચો રસ્તો હોવાથી બાળકોને શાળાએ જતા ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ચોમાસામાં તો કાદવ કીચડ થતા વિદ્યાર્થીઓ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી ગ્રામજનોએ વારંવાર તંત્રમાં રજુઆત કરવા છતાં રસ્તો ન બનતા મહિલાઓએ બાળકોને શાળાએ ન મોકલી શાળામાં રામધૂન બોલાવી વિરોધ કરતા બીઆરસી અને ટીડીઓ અને વહીવટીતંત્રના અધિકારીઓ તાબડતોડ ધામણીયા દોડી આવ્યા હતા અને વાલીઓ સાથે બેઠક યોજી સમસ્યાનું યોગ્ય નિરાકરણ લાવવાની હૈયાધારણા આપતા વાલીઓએ બાળકોને શાળાએ મોકલતા શિક્ષણકાર્ય રાબેતા મુજબ બન્યું હતું.



અત્યાર સુધી પ્રાથમિક શાળાઓમાં સુવિધાનો અભાવ, શિક્ષકોનો અભાવ, શિક્ષણ બાબતે તાળાબંધી અને શિક્ષણનો બહિષ્કારની ઘટનાઓ બહાર આવતી હોય છે. પરંતુ ધામણીયા પ્રાથમિક શાળામાં ગામમાંથી શાળામાં જવાનો કાચો રસ્તો હોવાથી રોડની માંગ સાથે વાલીઓએ બાળકોને શાળાએ ન મોકલતા લોકોમાં પણ અચરજ ફેલાયું હતું. મહિલાઓએ રસ્તા માટે જવાબદારતંત્રની આંખો ઉઘાડવા શાળા પરિસરમાં રામધૂન બોલાવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો. સોમવારે ગામનું એકપણ બાળકને શાળામાં ન મોકલતા અને મંગળવારે પણ વિરોધ યથાવત રહેતા તાબડતોડ અધિકારીઓ દોડી આવ્યા હતા અને વાલીઓ સાથે બેઠક યોજી બાળકોના અભ્યાસ પર અસર પડતી હોવાથી બાળકોને શાળાએ મોકલવાનું સમજાવતા બાળકોને શાળાએ મોકલ્યા હતા.

## શામળાજી પાસેથી બે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યા

અરવલ્લી એલસીબી પોલીસે છેલ્લામાં કેટલાય સમયથી નાસતા ફરતો આરોપી અરવિંદભાઈ સુખાજી ગાંઠીયાના આરોપીને શામળાજી બસસ્ટેન્ડ પાસેથી ઝડપી પડ્યો હતો. જયારે દારૂના ગુનામાં સંડોવાયેલ અને છેલ્લા કેટલા સમયથી નાસતો ફરતો આરોપી કિશનભાઈ ગોવિંદભાઈ નિનામાને શામળાજી આશ્રમ પુલ પાસેથી બાતમીને આધારે એલસીબી ટીમે બંને આરોપીને ઝડપી પાડી શામળાજી પોલીસ સ્ટેશન ગુનો નોંધી સોપવામાં આવ્યા હતા.



તસવીર : મેહુલ જોષી

## મોડાસામાં ત્રણ રાજ્યોમાં મળેલી જીતનો જશ્ન ફટાકડા ફોડી મનાવ્યો

છત્તીસગઢ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ભવ્ય જીત મળતા અને ભાજપની કારમી હાર થતા અરવલ્લી જીલ્લાના કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ સાથે આનંદ જોવા મળ્યો હતો. મોડાસાના હાર્દસમા ચાર રસ્તા વિસ્તાર ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડી જીતનો જશ્ન મનાવ્યો હતો. કાર્યકરોએ ફટાકડા ફોડી ઢોલ નગારાના તાલે મીઠાઈ વહેંચી મોં મીઠું કરાવ્યું હતું. પાંચ રાજ્યોના પરિણામો બાદ ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોમાં સન્નાટો જોવા મળ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી ચૂંટણીના પરિણામ બાદ ભાજપ ફટાકડા ફોડતું હતું અને કોંગ્રેસીઓ નિરાશામાં ગરકાવ થઈ જતા હતા પરંતુ આજે કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોમાં ભારે ઉલ્લાસ જોવા મળ્યો હતો.

# અરવલ્લીના ખિલોડીયા ગામે સિંચાઈ સ્ત્રોતના ખાત મુર્હત યોજાયુ

મોડાસા, તા. ૧૨

મંગળવાર મંત્રી રમણલાલ પાટકરે ગૌશાળાનું પુજન કરીને જણાવ્યું હતું કે, નવીન બોરનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. જે રીતે આ કમ્પામાં ગૌશાળા અને વિવિધ વૃક્ષોના રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. હાલમાં ૧૧ ટકા વૃક્ષોનું જતન કરવામાં આવ્યું છે. ગામની પડતર જમીનનું વાવેતર સરપંચ દ્વારા કરવામાં આવે તેમજ વૃક્ષોનું જતન વધારે કરવામાં આવે હાલમાં ૩૫ કરોડ ગ્રામ્ય કક્ષાએ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. અલવા ગામની ગૌશાળા૧૨૦૦ જેટલા સરગવાના વૃક્ષોનું જતન કરવામાં આવ્યું છે.

મંત્રી વાસણભાઈ આહીરે જણાવ્યું હતું કે, પશુઓ માટે ચિંતા કરવી, પક્ષીઓ માટે ચિંતા કરવી તે મહત્વની બાબત છે. ૨૬ વીઘા જમીનને ફળદ્રુપ કરીને આ જમીનમાં વાવેતર કરવામાં આવે છે.

ભારત ૩૩ કરોડ દેવતામાં માને છે. પરંતુ ગૌ માતાને ઉછેરવામાં તકલીફ પડે છે. આપણે બધા એક ગાયને પાળવામાં આવે તો ગૌ રક્ષક તરીકે આપણને સાત પેઢી તરી જાય તેવી તાકાત ગૌ માતાની અંદર છે. વૃક્ષોની છેદનની પ્રવૃતિ બંધ કરવી જોઈએ અને વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ. દરેક લોકોએ પોતાની ઘરની આગળ વૃક્ષ વાવવું જોઈએ. જળ એ જ જીવન છે માટે લોકોએ પાણીને વિચારીને વાપરવું જોઈએ. પાણી જીવન માટે આવશ્યક ગણાય છે.

બોરીબંધ, ચેકડેમ, પાતાળકુવા બાંધીને આપણે પાણીનો સંગ્રહ કરતા થયા છીએ. એક એક પાણીના ટીપાનો સંગ્રહ કરી અને જળ અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરીને પાણીનો સંગ્રહ કરવા સરકારે અભિયાન હાથ ધર્યુ હતું. જીવદયા, માટે આપણે સંકલ્પ કરવો જોઈએ.

આ ખાતમુહુર્તમાં ગામના સરપંચો તેમજ ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.


તસવીર : હરેશ જોષી

## 3 રાજ્યોમાં પંજો છવાઈ જતા પાલનપુરમાં કોંગ્રેસે મનાવ્યો વિજ્યોત્સવ

દેશના ૫ રાજ્યની સામાન્ય ચૂંટણીના પરિણામો કોંગ્રેસ માટે સંજીવનીરૂપ સાબિત થયા છે. કોંગ્રેસે રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થતા સરહદી બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસી કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કોંગ્રેસનો વિજય થતા બનાસકાંઠામાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો છે. પાલનપુરના ગુરુનાનક ચોક ખાતે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ ફટાકડા ફોડી વિજયોત્સ મનાવ્યો હતો.

# ભિલોડાના માલાવાવમાં વાર્ષિક દસમો પાટોત્સવ, સંતવાણી ભજન સંધ્યા યોજાશે

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડાના માલાવાવ વિસ્તારમાં મહાકાલી મંદીર અને ભાથીજી મહારાજ મંદીર પટ્ટાંગણમાં વાર્ષિક દસમો પાટોત્સવ,સંતવાણી ભજન સંધ્યાનો ધાર્મિક કાર્યક્રમ તા.૧૨/૧૨/૨૦૧૮ ને બુધવારના રોજ યોજાશે.શ્રી વીર ભાથીજી,જય મહાકાલી સેવા ટ્રસ્ટ પ્રમુખ રમેશભાઈ ભગવાનભાઈ પરમાર, કારોબારી સભ્યો, કાર્યકરો, માલાવાવ, ભિલોડાના ગ્રામજનોએ જણાવ્યું હતું. પરમ પુજ્ય સદ્ગુરૂ ધીરૂરામ મહારાજ બોલુન્દ્રા,પરમ પુજ્ય સદ્ગુરૂ લાલજી મહારાજ, નવાવક્તાપુર, પરમ પુજ્ય સદ્ગુરૂ રામજી સાહેબ, વેજપુર, સંતો, મહંતો, ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન કરાવશે તેમ આયોજકોએ જણાવ્યું હતું. વાર્ષિક દસમો પાટોત્સવ અને સંતવાણી ભજન સંધ્યા કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી હવન વિધિ યોજાશે.સામૈયું પરમ પુજ્ય સંતોનું સાંજે ૪:૦૦ વાગે યોજાશે. મહાપ્રસાદી સાંજે ૫:૦૦ વાગે શરૂ થશે.ભજન સંધ્યા-સંતવાણી રાત્રે ૮:૦૦ શરૂ થશે. આરતી રાત્રે ૧૨:૦૦ વાગ્યે યોજાશે તેમ જણાવ્યું હતું.

# સેજલપુરામાં ગુનાહિત માનસ ધરાવતાં વ્યકિતઓની હેરાનગતિ સામે ગ્રામજનો ખફા

### ગ્રામજનોએ કાર્યવાહીની માંગ સાથે જિલ્લા કલેકટર કચેરીને પાઠવ્યું આવેદનપત્ર

પાલનપુર તાલુકાના સેજલપુરા ગામમાં એક સમાજના ગુનાહિત માનસ ધરાવતાં કેટલાક શખ્સો દ્વારા ગામની અન્ય પ્રતિષ્ઠિત વ્યકિતઓની પજવણી કરી તેમના ઉપર ખોટા આક્ષેપો કરી નાણાં પડાવવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે આવા લોકો સામે કાર્યવાહી કરવાની માંગ સાથે ગ્રામજનો પાલનપુર કલેકટર કચેરીએ દોડી આવી લેખિત આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી.

પાલનપુર તાલુકાના સેજલપુરા ગામના કેટલાક વ્યકિતઓ દ્વારા ગામના લોકો સામે ખોટી ફરિયાદ કરી નાણાં પડાવવામાં આવી રહ્યા હોવાની બુમરાણ મચી છે. ત્યારે આવા તત્વો સામે લાલઘૂમ બનેલા ગ્રામજનો મોટી સંખ્યામાં ટ્રેકટર સહિતના વાહનોમાં પાલનપુર ખાતે કલેકટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ આવેદનપત્ર સુપરત કર્યુ હતું.



જેમાં સેજલપુરા ગામમાં રહેતા રાઠોડ સમાજના કેટલાક વ્યકિતઓ દ્વારા ગામના પ્રતિષ્ઠિત વ્યકિતઓ સામે દુષ્કર્મ, મારામારી, છેતરપીંડી જેવા ગંભીર ગૂનાઓ અંગે ખોટી ફરિયાદ કરી નાણાં પડાવવામાં આવી રહ્યા છે. જેનાથી પ્રતિષ્ઠિત લોકોની ઈજ્જતને હાની પહોચી રહી છે. ગુનાહિત માનસ ધરાવતાં આવા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.